પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૩૯ | ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૭, સોમવાર ; મહા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઉત્તરપ્રદેશમાં ત્રીજા તબક્કામાં ૬૧.૧૬ ટકા મતદાન

## ત્રીજા તબક્કામાં ૮૨૬ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ : કુલ ૨૫૬૦૩ મતદાન મથકો ઉપર લાંબી લાઈનો રહી : લોકસભા ૨૦૧૪, ૨૦૧૨ કરતા વધારે મતદાન



લખનૌ,તા. ૧૯

ઉત્તરપ્રદેશમાં સઘન સુરક્ષા વચ્ચે આજે ત્રીજા તબક્કામાં ૬૧.૧૬ ટકા મતદાન નોંધાયું હતું. નજીવી ઘટનાઓને બાદ કરતા ત્રીજા તબક્કામાં મતદાન શાંતિપૂર્ણરીતે પૂર્ણ થયું હતું. મોટાભાગે યાદવ પટ્ટામાં આજે મતદાન યોજાયું હતું. સમાજવાદી પાર્ટીની પ્રતિષ્ઠા ત્રીજા તબક્કામાં દાવ ઉપર લાગેલી હતી. ઉત્તરપ્રદેશના ચીફ ઈલેક્ટ્રોરલ ઓફિસર ટી વેંકટેશે કહ્યું હતું કે, સાંજે પાંચ વાગે મતદાન પૂર્ણ થયું ત્યારે મતદાનની ટકાવારી ૬૧.૧૬ ટકા રહી હતી. મતદાન સંપૂર્ણપણે શાંતિપૂર્ણ રહ્યું છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા તમામ ૨૫૬૦૩ મતદાન મથકો ઉપર રાખવામાં આવી હતી. ૨૦૧૨ વિધાનસભાની ચૂંટણી અને ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં જે મતદાન થયું હતું તેની સરખામણીમાં વધારે મતદાન થયું છે. એ વખતે ક્રમશઃ ૫૯.૯૬ અને ૫૮.૪૩ ટકા મતદાન થયું હતું.

ઉત્તરપ્રદેશમાં પ્રથમ બે તબક્કામાં ક્રમશઃ ૬૪.૨ અને ૬૫ ટકાથી વધુ મતદાન થયું હતું. મોટાભાગના નેતાઓએ આજે આગામી સરકાર રચવાનો દાવો કર્યો હતો. મોટા માથાઓએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## નાગાલેન્ડના મુખ્યમંત્રીનું રાજીનામુ



નાગાલેન્ડના મુખ્યમંત્રી ટીઆર ઝેલિયાંગે રાજીનામું આપ્યું. સોમવારે નવા નેતાની ચૂંટણી માટે પક્ષની ખાસ બેઠક બોલાવાઈ છે.

## ભોજપુરી સુપરસ્ટાર રવિકિશન ભાજપમાં



ભોજપુરી ફિલ્મોના સુપરસ્ટાર રવિકિશન રવિવારે સવારે ભાજપમાં જોડાયા. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહની હાજરીમાં તેઓએ ભાજપની સદસ્યતા ગ્રહણ કરી હતી.

## અખિલેશ અને પ્રતિક મારી બે આંખો છે



મુલાયમસિંહ યાદવના પત્નિ સાધના યાદવે મતદાન બાદ મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે અખિલેશ અને પ્રતિક બંને મારી આંખો છે. સગો દિકરો અને ઓરમાન દિકરો જેવા ભેદ અમારા પરિવારમાં નથી. આ વિરોધીએ ઉપજાવેલી વાત છે.

## પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ કબીરનુ નિધન



સુપ્રિમ કોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ અલ્તમસ કબીરનું ગઈકાલે સવારે નિધન થયુ છે.

## જશવંતનગરમાં લાઠીચાર્જથી શિવપાલ અકળાયા



શિવપાલ યાદવના મતવિસ્તાર જશવંતનગરમાં મતદાનના છેલ્લા કલાકમાં પોલીસના લાઠીચાર્જથી અફડાતફડીનો માહોલ સર્જાયો છે. શિવરપાલ યાદવના મતે પોલીસનો લાઠીચાર્જ કોઈકના કાવતરાંનો ભાગ હોઈ શકે.

## શિવસેનાના પોસ્ટરોમાં હાર્દિક પટેલ

ગુજરાતમાં ઠેર ઠેર લાગેલા શિવસેનાના પોસ્ટરો અને હોર્ડિંગ્સમાં હાર્દિક પટેલ ચમકતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

# મોદીના અચ્છે દિનના વચન ખોખલા નિકળ્યા : અખિલેશ

## ઝાંસીમાં રાહુલ અને અખિલેશની રેલી : ઉત્તરપ્રદેશ ચૂંટણી દેશની રાજનીતિને નવી દિશા આપશે



ઝાંસી,તા. ૧૯

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ઝાંસીમાં એક સંયુક્તરેલી અને રોડ શો યોજીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહારો કર્યા હતા. બંને નેતાઓએ ભાજપ ઉપર જ આક્ષેપો કર્યા હતા. બંને નેતાઓએ મોદીના અચ્છે દિનના વચનની વાત કરી હતી અને તેમના ઉપર લોકો સાથે વિશ્વાસઘાત કરવાનો આક્ષેપ કર્યો હતો. અખિલેશ યાદવે મોદી ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, મોદી બ્લડપ્રેશરની વાત કરે છે. ચૂંટણીના પરિણામ આવી ગયા બાદ ભાજપના નેતાઓને પોતાના બ્લડપ્રેશર ચેક કરાવવા પડશે. અખિલેશે પોતાની સરકારની સિદ્ધિઓને ગણાવતા કહ્યું હતું કે, અચ્છે દિનની વાત કરનાર લોકોએ ઝાંસીમાં કોઈપણ કામ કર્યું હોય તો બતાવવાની હિંમત કરે. સપા સુપ્રીમોએ નોટબંધીને લઈને વડાપ્રધાન ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, મોદીએ કહ્યું હતું કે, નોટબંધીથી ભ્રષ્ટાચાર ખતમ થશે. કાળા નાણા દૂર થઈ જશે. ત્રાસવાદ ખતમ થશે પરંતુ આ ત્રણેયમાંથી કોઈ ચીજ દૂર થઈ નથી. વડાપ્રધાને તમામ દેશવાસીઓને લાઈનમાં ઉભા રાખ્યા

● અનુસંધાન પાન-૭ પર

# યુપીમાં સપાનો પરાજય નિશ્ચિત : મોદી

## ત્રીજા તબક્કાના મતદાન વચ્ચે ફતેહપુરમાં મોદીની વિશાળ ચૂંટણી રેલી : સેફાઈમાં મતદાન કર્યા બાદ અખિલેશ યાદવનો ચહેરો ઉતરેલો જ હતો અને પત્રકારના પ્રશ્નના જવાબ અખિલેશને ન મળ્યા : ખેડૂતના દેવાને માફ કરાશે

ફતેહપુર,તા. ૧૯

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફતેહપુરમાં આક્રમક ચૂંટણી રેલી યોજી હતી અને મુખ્યમંત્રી અખિલેશ યાદવ ઉપર આક્રમક પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં ત્રીજા તબક્કાના મતદાન બાદ જ સમાજવાદી પાર્ટી બાજી હારી ચુકી છે. મોદીએ કહ્યું હતું કે, આજ કારણ છે કે, સેફાઈમાં મતદાન કર્યા બાદ અખિલેશ યાદવનો ચહેરો ઉતરેલો હતો અને તેમના અવાજમાં દમ દેખાઈ રહ્યો ન હતો. ચૂંટણી સભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, આજે મતદાન કર્યા બાદ ટીવી વાળાઓએ જ્યારે અખિલેશને પુછ્યું ત્યારે તેમનો ચહેરો ઉતરી ગયો હતો. અવાજમાં દમ દેખાઈ રહ્યો ન હતો. અખિલેશ ભયભીત હતા. શબ્દો મળી રહ્યા ન હતા. ખુબ જ મુશ્કેલથી અખિલેશ કોઈ નિવેદન કરી શક્યા હતા. મોદીએ કહ્યું હતું કે, હજુ તો ત્રીજા તબક્કામાં મતદાન થયું છે.

● અનુસંધાન પાન-૭ પર



# બસપા ૩૦૦ બેઠકો જીતીને સત્તામાં આવશે : માયાવતી

## મતદાન બાદ માયાવતીનો મક્કમ દાવો : પ્રથમ બે તબક્કાના મતદાનના આધાર પર પાર્ટીની જીત નક્કી થઈ ગઈ હતી : લોકો પરિવર્તન ઈચ્છે છે : માયાવતી



લખનૌ,તા. ૧૯

બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ આજે ફરીએકવાર રાજ્યની સમાજવાદી પાર્ટી અને કેન્દ્રની ભાજપ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. માયાવતીએ સિટી મોન્ટેસરી સ્કૂલમાં મત આપ્યા બાદ દાવો કર્યો હતો કે, ઉત્તરપ્રદેશમાં બહુજન સમાજ પાર્ટી નંબર વન તરીકે રહેશે. પાર્ટી એકલા હાથે પૂર્ણ બહુમતિ મેળવી લેશે. માયાવતીએ કહ્યું હતું કે, બહુજન સમાજ પાર્ટીની સરકાર રાજ્યમાં બનશે અને પાર્ટી ૩૦૦થી વધુ સીટો જીતી જશે. ઉત્તરપ્રદેશમાં આજે ત્રીજા તબક્કામાં ૧૨ જિલ્લાની ૬૯ બેઠકો ઉપર મતદાન યોજાયું હતું. માયાવતીએ દાવા સાથે કહ્યું હતું કે, પ્રથમ બે તબક્કાના મતદાન બાદ જ એક બાબત નક્કી થઈ ગઈ હતી કે, બહુજન સમાજ પાર્ટી રાજ્યમાં સરકાર બનાવવા જઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, બે તબક્કાના મતદાનના આધાર પર કહી શકાય છે કે, રાજ્યમાં તેમની પાર્ટી નંબર વન તરીકે રહેશે.

# તમિળનાડુમાં ૨૨મીએ ભૂખ હડતાલનું એલાન

## ડીએમકેના લોકો ભૂખ હડતાળ કરવા માટે સહમત તમિળનાડુમાં પાર્ટીની તમામ જિલ્લા ઓફિસ ઉપર ભૂખ હડતાળ કરાશે : પનીરસેલ્વમની રાજ્યપાલની સાથે બેઠક

ચેન્નાઈ,તા. ૧૯

વિશ્વાસમત દરમિયાન તમિળનાડુ વિધાનસભામાં ભારે ધાંધલ ધમાલ અને તોડફોડ કરવામાં આવ્યા બાદ ડીએમકે દ્વારા આજે ૨૨મી ફેબ્રુઆરીના દિવસે રાજ્યવ્યાપી હડતાળની જાહેરાત કરવામાં આવી છે. પાર્ટી દ્વારા તમિળનાડુમાં પાર્ટીની તમામ જિલ્લા ઓફિસ ખાતે ભૂખ હડતાળની જાહેરાત કરી દીધી છે. પાર્ટીએ એવા સમયે જાહેરાત કરી છે જ્યારે ગઈકાલે વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકરોની સાથે મરીના બીચ ખાતેથી ડીએમકે પ્રમુખ એમકે સ્ટાલિનની ધરપકડ કરી લેવામાં આવી હતી. બીજી બાજુ તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રી પનીરસેલ્વમ આજે રાજભવનમાં તમિળનાડુના રાજ્યપાલ વિદ્યાસાગર રાવને મળવા માટે પહોંચી ગયા હતા. સવારમાં જ ડીએમકેના ધારાસભ્યોની મહત્વની બેઠક યોજાઈ હતી જેમાં ડીએમકે નેતા ત્રિચુ શિવાયે કહ્યું હતું કે, મુખ્યમંત્રી પલનિસામી દ્વારા લેવામાં આવેલો વિશ્વાસમત ગેરકાયદે છે.

શિવાએ કહ્યું હતું કે, પાર્ટીએ તમિળનાડુના રાજ્યપાલને આ મુદ્દે એક મેમોરેન્ડમ સુપ્રત કરીને તપાસ કરવા માટે કહી દીધું છે. તમિળનાડુમાં ખેંચતાણનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. સ્ટાલિને પાર્ટી હેડક્વાર્ટર ખાતે પક્ષના ધારાસભ્યો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી જેમાં ૨૨મી ફેબ્રુઆરીના દિવસે રાજ્યપાલ ભુખ હડતાળ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તે પહેલા પક્ષના કેટલાક સભ્યો રાજ્યપાલ વિદ્યાસાગર રાવને મળ્યા હતા. ગઈકાલે જ ડીએમકેના સાંસદો અને ધારાસભ્યોની સાથે સ્ટાલિનની મરીના બીચ ઉપર અટકાયત કરવામાં આવી હતી. સ્ટાલિન સામે વિશ્વાસમત સામે દેખાવો કરવા બદલ એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી છે.

# આઈપીએલની પુણે ટીમના કેપ્ટન તરીકે ધોનીના સ્થાને સ્ટિવ સ્મિથ

## સ્વૈચ્છિકરીતે કેપ્ટનશીપ છોડવા ધોનીનો નિર્ણય : હરાજીના એક દિવસ પહેલા જ નિર્ણય લેવાયો : છેલ્લી સિઝન કરતા વધુ સારો દેખાવ કરવા પુણેની ટીમ તૈયાર



બેંગ્લોર, તા. ૧૯

રાઈઝિંગ પુણેના કેપ્ટન તરીકે મહેન્દ્રસિંહ ધોનીએ સ્વેચ્છિકરીતે દૂર થઈ જવાનો નિર્ણય કર્યો છે. આની સાથે જ ધોનીની જગ્યાએ હવે ઓસ્ટ્રેલિયાના કેપ્ટન સ્ટિવ સ્મિથને કેપ્ટન તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. પુણે ટીમના માલિક સંજીવ ગોયેન્કા દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. ગોયેન્કાએ કહ્યું છે કે, આ સિઝનમાં કોઈ યુવા ચહેરાને કેપ્ટન બનાવવા માટે તેઓ ઈચ્છુક હતા અને હવે સ્ટિવ સ્મિથને કેપ્ટન તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આઈપીએલની ૧૦મી સિઝન માટે સોમવારના દિવસે ખેલાડીઓની હરાજી કરવામાં આવનાર છે. મહેન્દ્ર સિંહ ધોનીએ પોતે જ ટીમ મેનેજમેન્ટ સાથે કેપ્ટનશીપ છોડવાની વાત કરી હતી. ધોનીએ કહ્યું છે કે, તે માત્ર ખેલાડી તરીકે રમવા માટે ઈચ્છુક છે. પુણેની ટીમ એવી બે ફ્રેન્ચાઈઝીમાં સામેલ હતી જેમાં ચેન્નાઈ સુપર અને રાજસ્થાન રોયલ્સને દૂર કરવામાં આવ્યા બાદ આઈપીએલમાં સામેલ કરવામાં આવી હતી.

ગયા વર્ષે ડેબ્યુ કરનાર ટીમ સાતમાં ક્રમાંક ઉપર રહી હતી. ધોનીની ટીમે ગયા વર્ષે રમેલી ૧૪ મેચો પૈકી માત્ર પાંચ મેચમાં જ જીત મેળવી હતી. ધોનીના નેતૃત્વમાં આ ટીમે કંગાળ દેખાવ કર્યો હતો. ધોનીનો દેખાવ પણ નબળો રહ્યો હતો. ધોનીએ ૧૨ ઈનિંગ્સમાં માત્ર ૨૮૪ રન બનાવ્યા હતા અને માત્ર એક અડધી સદી ફટકારી હતી.

પુણે ટીમના માલિક સંજીવ ગોયેન્કાએ કહ્યું છે કે, આઈપીએલની આગામી સિઝન માટે સ્ટિવ સ્મિથને કેપ્ટન બનાવવાનો નિર્ણય કર્યો છે. આ સંદર્ભમાં ગઈ સિઝન બાદ જ વિચારણા કરવામાં આવી રહી હતી. આ સંદર્ભમાં ટીમ મેનેજમેન્ટ સાથે પણ વાત કરવામાં આવી હતી.

# આજે આઈપીએલ-૧૦ સિઝન માટે ક્રિકેટરોની હરાજી

## આઈપીએલના ઈતિહાસમાં પ્રથમ વખત છ એસોસિએટ્સ ટીમના ખેલાડીઓ સામેલ : બે કરોડની બેઝપ્રાઈઝવાળા ખેલાડીઓ ઉપર તમામની નજર કેન્દ્રિત

બેંગ્લોર, તા. ૧૯

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ પ્રેમીઓમાં રાહ જોવામાં આવી રહી છે તે આઈપીએલની ૧૦મી સિઝન માટે સોમવારના દિવસે બેંગ્લોરમાં ખેલાડીઓની હરાજી કરવામાં આવનાર છે. આને લઈને જોરદાર ઉત્સુકતા પ્રવર્તી રહી છે. ઈન્ડિયન પ્રિમિયર લીગની ૧૦ સિઝન માટે ખેલાડીઓની હરાજી આવતીકાલે કરાશે. હરાજીમાં આ વખતે ૩૫૨ ખેલાડીઓ સામેલ થશે જેમાં ૧૨૨ ખેલાડીઓ એવા છે જે ખેલાડીઓને વ્યાપક અનુભવ રહેલો છે. રસપ્રદ બાબત એ છે કે, પ્રથમ વખત છ ખેલાડીઓ એવા પણ છે જે એસોસિએટ્સ ટીમના છે જેમાં અફઘાનિસ્તાનના પાંચ અને યુએઈના એક ખેલાડીનો સમાવેશ થાય છે. ઈશાંત શર્મા હરાજીમાં સૌથી વધુ બે કરોડની બેઝ પ્રાઈઝ ધરાવનાર સાત ખેલાડીઓની યાદીમાં સામેલ છે.

● અનુસંધાન પાન-૭ પર










